માઇક્રોસોફ્ટ, IBMએ પણ ગુજરાતી ફોન્ટની ના પાડી હતી

# કમ્પ્યુટરને ગુજરાતી ભાષા શીખવાડી ગયો 25 વર્ષનો સંઘર્ષ

શૈલેશ ઠક્કર.અમદાવાદ

આજે આપણે અત્યંત સરળતાથી કમ્પ્યૂટરમાં ગુજરાતી ભાષામાં ટાઈપ કરી શકીએ છીએ, પરંતુ તેના સંઘર્ષ પાછળની કથા તમે જાણતા નહીં હોવ. એક વ્યક્તિની જીદને કારણે 25 વર્ષે આજે તમે કમ્પ્યૂટર અને મોબાઈલમાં અત્યંત સરળતાથી માતૃભાષાનો ઉપયોગ કરી શકો છો. આ વ્યક્તિ હતી રતિલાલ ચંદેરિયા. 2006 સુધી ગુજરાતી શબ્દોનો અર્થ નેટ પર શોધવાની કોઈ સુવિધા ઉપલબ્ધ નહોતી. રતિલાલ ચંદેરિયાએ ગુજરાતી ફોન્ટની શોધ કરીને દેશ-વિદેશમાં રહેતા ગુજરાતીઓને આ સુવિધા ઉપલબ્ધ કરાવી આપી છે.

**જીદ કરો દુનિયા બદલો!**



રતિલાલ ચંદેરિયા

દક્ષિણ આફ્રિકામાં પોતાનું જીવન પસાર કરનારા રતિલાલ ચંદેરિયા નિવૃત્ત થયા ત્યારે તેમના ભત્રીજાએ પત્રવ્યવહાર માટે તેમને એક ટાઈપરાઈટર લાવી આપ્યું. એ સમયે કમ્પ્યૂટર યુગ આવી ગયો હતો. તેમને થયું કે કમ્પ્યૂટરમાં ગુજરાતી ભાષામાં કેમ ન લખી શકાય. બસ આ વિચાર પછી શરૂઆત થઈ એક નવા સંઘર્ષની. કાકાના હુલામણા નામથી ઓળખાતા રતિલાલે કમ્પ્યૂટરમાં ગુજરાતી ફોન્ટ

...અનુસંધાન પાનાં નં.12

જઈને રાષ્ટ્રપતિને રજૂઆત કરી હતી.

**કમ્પ્યુટરને ગુજરાતી...**

ઈન્સ્ટોલ કરવા માટે એપલ, માઈક્રોસોફ્ટ અને આઈબીએમ જેવી કંપનીઓમાં વાત કરી, પરંતુ તેમને નિરાશા સાંપડી. ત્યાંથી કાકા પૂના આવ્યા અને સ્વામી અસંગને મળ્યાં. સ્વામી અસંગે કાકાને મધુરાય વિશે વાત કરી જેમણે 'કલાપી' નામના ગુજરાતી ફોન્ટ વિકસાવ્યા હતા. કાકાએ આ ફોન્ટ તેમની પાસેથી ખરીદ્યા. કાકા મુંબઈ ગયા અને ત્યાં તેમણે 'મેગ્નેટ' ટેક્નોલોજીના ચેરપર્સન નીરવ મહેતા અને અશોક કરાનિયાને વાત કરી. તેમણે 'ઉત્કર્ષ' અને કમ્પ્યૂટરમાં એડ કરી આપ્યા. હવે, તેઓ સરળતાથી કમ્પ્યૂટરમાં ટાઈપ કરી શકતા હતા, પરંતુ વાત આટલે જ અટકી નહીં. તેમને થયું કે ગુજરાતી ભાષાના શબ્દકોષને પણ ડિજિટલ સ્વરૂપ આપવું જોઈએ. આથી તેમણે ગુજરાત વિદ્યાપીઠની પરવાનગી માગીને પોતાની એક કંપની બનાવી ટીમને કામે લગાડી. કાકાએ ટીમ સાથે મળી સાર્થ શબ્દકોષને 'ગુજરાતી લેક્સિકોન' નામની વેબસાઈટ સ્થાપી તેમાં અપલોડ કર્યો. તેમાં સફળ થતાં તેમણે ગુજરાતી ભાષાના સૌથી સમૃદ્ધ શબ્દકોષ 'ભગવદગોમંડળ'ને પણ ડિજિટલ સ્વરૂપમાં રજુ કર્યો.